ગાંધીનગર સમાચાર

વરસાદના અભાવ વચ્ચે શહેરમાં રોપાઓની વાવણીને સુકારાનો ખતરો

# વરસાદની ચાતક નજરે જોવાતી રાહ

## સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં ધોધમાર વરસી રહેલા મેઘરાજા ગાંધીનગર સહિતના ઉત્તર ગુજરાતના વિસ્તારોમાં ડોકીયું પણ કરતા નથી

ગાંધીનગર, તા. ૨૬

છેલ્લા કેટલાય દિવસોથી જોવાતી ધોધમાર વરસાદની રાહ જાણે લંબાતી જ જાય છે. છુટાછવાયા એકાદ-બે ઝાંપટા સિવાય સમગ્ર ઉત્તર ગુજરાતમાં વરસાદનુ નામો નિશાન નથી. મેઘરાજા આજે આવશે...કાલે આવશે... તેવુ કહી શહેરીજનો મન મનાવી રહ્યા છે.

સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં ઘણા સ્થળોએ વરસાદ શરૂ થઈ ચુક્યો છે. અખબારોમાં દરરોજ આ સ્થળે બે ઈંચ વરસાદ પડ્યો અને આ શહેરમાં દોઢ ઈંચ વરસાદ પડ્યો... એવા સમાચારો વાંચી ગાંધીનગરાઓ આકાશ સામે ચાતક નજરે જોઈ વરસાદની રાહ જોઈ રહ્યાં છે. છેલ્લા એક અઠવાડિયાથી શહેરમાં વરસાદી વાતાવરણ બંધાય છે. ક્યારેક ક્યારેક વાદળો ઘેરાઈને છાંટા પણ પડે છે પરંતુ સંતોષકારક કહી શકાય તેવો ધોધમાર વરસાદ પડતો નથી. ગઈકાલે રાત્રે પણ આકાશમાં વાદળો ઘેરાયા હતા અને વાદળોના ગડગડાટનો અવાજ સંભળાતો હતો. એટલે મુશળધાર વરસાદની આશા બંધાઈ હતી. જો કે માત્ર પાંચ-દસ મિનિટ અમુક સેક્ટરોમાં નાનકડુ વરસાદી ઝાંપટુ પડી વાદળો વિખેરાઈ જતા વસાહતીઓને ફરી નિરાશા સાંપડી છે. ધોધમાર વરસાદ ન વરસતા બફારો ખુબ અનુભવાય છે. પરસેવે રેબઝેબ થઈ જવાય છે. ગરમી અને બફારાથી ત્રસ્ત વસાહતીઓ આજે વરસાદ આવશે કાલે આવશે.. તેમ કહી મનને મનાવી રહ્યા છે. ગાંધીનગરાઓને થોડુક આશ્વાસન મળે તેવી આગાહી વ્યક્ત કરતા હવામાન વિભાગે જણાવ્યું છે કે આવતીકાલે શહેરમાં વરસાદનું મોટુ ઝાપટુ પડી શકે છે. મુંબઈમાં પણ સારો વરસાદ વરસી રહ્યો હોવાથી દક્ષિણ પશ્ચિમ ચોમાસુ ઉત્તર ગુજરાત સુધી પહોંચી જશે તેવુ હવામાન વિભાગે કહ્યું છે.



# ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાનમાં સાઈકલ પ્રોજેકટનુ બાળ મરણ

## પર્યાવરણ અને ઉર્જા સંરક્ષણના અભિગમને વેગ આપવા માટે મોટાઉપાડે સાઈકલ પ્રોજેકટ શરૂ કરાયો હતો : હાલ સાઈકલો અને ટ્રેક બન્ને ગાયબ

ગાંધીનગર તા ૨૬

ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાનમાં શરૂ કરાયેલા સાઈકલ પ્રોજેકટનુ બાળ મરણ થયુ છે. પર્યાવરણ અને ઉર્જા સંરક્ષણની સુફિયાણી વાતો સાથે સંસ્થા દ્વારા શરૂ કરવામાં આવેલા પ્રોજકટને અનુલક્ષી તૈયાર કરાયેલો સાઈકલ ટ્રેક પણ દેખાતો નથી જયારે સાઈકલ પણ ગાયબ થઈ ગઈ છે.

આમ નાગરિકો સાઈકલીંગ થકી પર્યાવરણ અને ઉર્જા બચાવો અભિગમ સાથે તંદુરસ્ત પણ રહે તેવા આશયથી ગુડા દ્વારા શહેરમાં સાઈકલ શેરીંગ પ્રોજેક્ટની ધમાકેદાર શરૂઆત કરવામાં આવી છે.

શહેરી જન જીવનમાં લુપ્ત થતી સાઈકલની સવારીને જીવંત બનાવા તેમજ આમ નાગરિકો આરોગ્ય માટે વધુ જાગૃત થાય તેવા આશયથી વિવિધ ઠેકાણે શહેરમાં સાઈકલ સ્ટેન્ડ પણ બનાવાયા છે. જયારે સેકટરવાસીઓ પણ ઉત્સાહભેર સાઈકલ સવારીની મજા માણે છે. ત્યારે ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાનમાં મુલાકાતીઓ પાર્કમાં યોગ્ય રીતે ફરી શકે તેવા આશયથી ઉર્જા સંરક્ષણના અભિગમને બળવત્તર કરવા સાઈકલનો પ્રોજેકટ અમલી બનાવાયો હતો. જેને અનુલક્ષી સાઈકલ પથ પણ તૈયાર કરાયા હતા. પરંતુ આશ્ચર્યની વાત તો એ છે કે ટુંકા સમયગાળામાં જ આ આખો પ્રોજેકટ હવા થઈ ગયો છે. હાલ મુલાકાતીઓને સાઈકલ સવારી નસીબ થતી નથી.મુલાકાતીઓ પાર્કની મુલાકાત દરમિયાન સાઈકલ સવારી ઉપલબ્ધ થાય તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી. પરંતુ આજે સાઈકલોની સાથે સાઈકલ પથ પણ અદ્રશ્ય થઈ ગયો છે. ટુંકા સમયગાળામાં જ સાઈકલ પ્રોજેકટનુ બાળમરણ થઈ ગયુ છે.

# ખાણીપીણી બજારમાં વેચાણ થતી ખાદ્યસામગ્રીની ગુણવત્તા સામે સવાલ

## ઘ-૫ના ખાણીપીણી બજારમાં વેચાણ થતી ખાદ્યસામગ્રીની ગુણવત્તા અંગે તંત્ર દ્વારા કોઇ ચકાસણી થતી નથી

ગાંધીનગર તા ૨૬

શહેરમાં ઘ-૫ સ્થિત ખાણી પીણી બજારમાં વેચાણ થતી ખાદ્યસામગ્રી સામે સવાલો મંડરાયા છે. સ્વાદરસિયાઓની જીભે ચટકો લગાડતી અવનવી વાનગીઓ આરોગવા સાંજ ઢળતા જ ચોપાટીમાં ભીડ જામે છે. ત્યારે છેલ્લા કેટલાક સમયથી ખાણીપીણી બજારમાં વેચાણ થતી ખાદ્યસામગ્રીની ગુણવત્તા સામે સવાલો મંડરાયા છે. કોર્પોરેશનના જવાબદાર અધિકારીઓને પણ ખાણીપીણી બજારમાં વેચાણ થતી ખાદ્યસામગ્રીની ચકાસણી માટે કોઈ પગલા લેવાતા નથી. જેના પરિણામે જનઆરોગ્ય સામે પણ ખતરો મંડરાયો હોવાનો ગણગણાટ પ્રવર્તયો છે.

શહેરના બજારમાં વેચાણ થતી ખાણીપીણીની અવનવી

● અનુસંધાન પાન-૭ પર

# વરસાદના અભાવ વચ્ચે શહેરમાં રોપાઓની વાવણીને સુકારાનો ખતરો

## કેટલાક ઠેકાણે રોપાઓ સુકાઈ ગયા છે : હજુ પણ વરસાદ ખેંચાય તો વાવેતર નિષ્ફળ જાય તેવી દહેશત : ટેન્કરથી પાણી સપ્લાય કરવાની અનિવાર્યતા

ગાંધીનગર તા ૨૬

વનતંત્ર દ્વારા ચોમાસા પુર્વે શહેરમાં રોપાઓની વાવણી કરવાનુ શરૂ કરી દેવાયુ છે. શહેરના ચ માર્ગ આસપાસ તેમજ અન્ય સેકટરોમાં ખુલ્લી જગ્યામાં રોપાઓની વાવણી કરવામાં આવી છે. ત્યારે કેટલાક ઠેકાણે આ રોપાઓ સુકારનો ભોગ બનતા હોવાનો સુર ઉઠવા પામ્યો છે. તંત્ર દ્વારા ટેન્કરથી પાણી આપવાનુ પણ શરૂ કરવામાં આવ્યુ નથી. ત્યારે આવા સંજોગોમાં વરસાદ ખેંચાય તો વાવેતર નિષ્ફળ જાય તેવી પણ સંભાવના પ્રબળ બની છે.

ગાંધીનગરમાં હરિયાળી નિખારવા વન તંત્ર દ્વારા ચોમાસા પુર્વે વિવિધ પ્રકારના રોપાઓની વાવણી કરવામાં આવે છે. શહેરના મુખ્ય માર્ગો આસપાસ તેમજ વનવિભાગની ખુલ્લી જગ્યામાં કલરકોડને અનુરૂપ રોપાઓની વાવણી કરવામાં આવે છે. આ વર્ષે પણ વન તંત્ર દ્વારા શહેરમાં ૨૨ હજાર જેટલા ખાડા ખોદવામાં આવ્યા છે. વરસાદી દિવસો પુર્વે જ

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લામાં દૈનિક ૧૫૦૦ દર્દીના ૪૦થી વધુ પ્રકારના પરીક્ષણો કરાય છે

## મુખ્યમંત્રી નિદાન યોજના અંતર્ગત જિલ્લામાં ૧,૧૦,૨૧૩ દર્દીઓને અઢી માસમાં આવરી લેવાયા

ગાંધીનગર, તા. ૨૬

મુખ્યમંત્રી નિદાન યોજના અંતર્ગત જિલ્લામાં સરેરાશ દૈનિક ૧૫૦૦ જેટલા દર્દીઓની વિવિધ તપાસ મફતમાં કરવામાં આવી રહી છે.

મુખ્યમંત્રી નિદાન યોજના અંતર્ગત કુલ ૪૬થી વધુ પ્રકારના ટેસ્ટ કરી અને નિદાન કરવામાં આવે છે. મળતી વિગતો પ્રમાણે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર કક્ષાએ ૧૧ પ્રકારના તથા સામુહિક આરોગ્ય કેન્દ્ર કક્ષાએ ૩૦ અને સબસેન્ટરોમાં પાંચ પ્રકારના ટેસ્ટ કરવામાં આવે છે.

છેલ્લા અઢી માસથી અમલી બનેલ આ યોજના અંતર્ગત જિલ્લામાં અત્યાર સુધીમાં ૧,૧૦,૨૧૩ વ્યક્તીઓના વિવિધ પરીક્ષણો કરવામાં આવ્યા છે. જો કે આગામી દિવસોમાં આ પરીક્ષણના પ્રકારોની સંખ્યા વધીને ૬૦ પર પહોંચશે તેમ તંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર જિલ્લામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે ૫૭૨૦૫ દર્દીઓના ૧૧ પ્રકારના પરીક્ષણ કરવામાં આવ્યા છે. તો સામુહિક આરોગ્ય કેન્દ્રો ખાતે ૩૦ પ્રકારના પરીક્ષણો ૩૦,૬૦૨ દર્દીઓના કરવામાં આવ્યા છે. જ્યારે સબ સેન્ટરો પર ૨૬,૫૩૭ દર્દીઓના પરીક્ષણ કરવામાં આવ્યા છે. તબીબી સારવાર મોંઘી રહી છે ત્યારે દર્દીના વિવિધ પરીક્ષણો મફત કરવા માટે રાજ્ય સરકારના આરોગ્ય વિભાગે મુખ્યમંત્રી નિદાન યોજના અમલી બનાવી છે. સિવિલ હોસ્પિટલમાં પણ આવા પરીક્ષણો ૫૦ પ્રકારના મફતમાં કરવામાં આવી રહ્યા છે.

# મનરેગા અંતર્ગત જિલ્લામાં ૪.૦૯ લાખ માનવદિન રોજગાર નિર્માણ કરાશે

## ગ્રામ વિકાસ એજન્સીએ મનરેગાનું લેબર બજેટ મંજૂરી માટે બીજીવાર સામાન્ય સભામાં રજુ થશે

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર જિલ્લામાં મહાત્મા ગાંધી રોજગાર યોજના અંતર્ગત ૪.૦૯ લાખ માનવદિન રોજગારી ઉત્પન્ન કરવાનું આયોજન છે. આ માટે રૂ. ૧૧૩૦.૧૫ લાખનું લેબર બજેટ તૈયાર કરવામાં આવેલ છે.

જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી દ્વારા મનરેગાનું લેબર બજેટ જે તૈયાર કરવામાં આવ્યું છે તેમાં ૬૯૨ કામો સૂચવવામાં આવ્યા છે. આ લેબર બજેટ વિકાસ કમિશનરે કરેલા પ્રતિષેધને કારણે આ વખતની સામાન્ય સભામાં મંજૂરી માટે રજુ થવાનુ છે.

માણસા તાલુકામાં ૧૮૯ કામોનું રૂ. ૩૬૫.૭૭ લાખનું લેબર બજેટ તૈયાર કરાયેલ છે. જેમાં ૧.૨૯ લાખ માનવદિન રોજગારી ઉત્પન્ન થશે. દહેગામ તાલુકામાં ૨૨૭.૭૯ લાખનું લેબર બજેટ તૈયાર કરાયું છે અને ૦.૭૬ લાખ માનવદિન રોજગારી ઉત્પન્ન કરવાનું આયોજન કરાયું છે.

કલોલ તાલુકામાં ૧૪૧ કામો કરવાના આયોજન સાથે રૂ. ૧૨૯.૨૯ લાખનું લેબર બજેટ તૈયાર કરાયેલ છે અને ૦.૪૫ લાખ માનવદિન રોજગાર ઉત્પન્ન કરવાનું આયોજન છે.

ગાંધીનગર તાલુકામાં ૧૬૨ કામો પાછળ રૂ. ૧૨૦.૮૦ લાખનું ખર્ચ કરવાનું આયોજન છે. આ થકી ૧.૫૭ લાખ માનવદિન રોજગાર ઉત્પન્ન થશે તેમ તંત્ર વાહકો માની રહ્યા છે. ગાંધીનગર જિલ્લામાં ૨૦૦૮થી યોજના અમલી બનેલ છે. જિલ્લામાં ૪૪,૪૮૧ બી.પી.એલ. પરિવારો છે.

તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ૨૦૦૮-૦૯માં ૪૫૦.૫૭ લાખના લેબર બજેટ સામે ૫.૪૪ લાખ માનવદિન રોજગાર ઉત્પન્ન કરવાનું આયોજન કરાયું હતુ, પરંતુ ૫૬.૫૬ લાખના ખર્ચ સાથે ૨૩ હજાર માનવદિન રોજગાર ઉત્પન્ન કરી શકાયા હતા.

જિલ્લામાં ૨૦૧૪-૧૫માં ૫૪૨૦ કામોના આયોજન સામે રૂ. ૧૧૬૦.૪૫ લાખનું લેબર બજેટ તૈયાર કરવામાં આવેલ હતુ. જેની સામે ૪૯૮.૨૯ લાખનું ખર્ચ અને ૧.૩૪ લાખ માનવદિન રોજગારીનું નિર્માણ થયું હતું.

આ વખતના બજેટમાં જળસંચય અને જળસંગ્રહના નામો, વનીકરણ, પાણી સંગ્રહના સ્ત્રોતોનું નવીનીકરણ, જમીન વિકાસના કામોને અગ્રતા આપવામાં આવી હોવાનું પણ તંત્રના સૂત્રોએ જણાવ્યું છે.



(તસવીર : કશ્યપ નિમાવત)

પર્વોની મોસમનું કાઉન્ટ-ડાઉન - ૧૦ દિવસ બાદ પર્વોની મોસમ પૂરબહાર ખીલશે... ખાસ કરીને વ્રત સળંગ ૧૫ દિવસ ઉજવાશે... નાની બાલિકો, કિશોરીઓ અને યુવતીઓ માટેના અનેક વ્રત પખવાડિયામાં આવતા હોવાથી શહેરમાં ઠેર ઠેર ઉજવણીની તૈયારીઓ દેખાઈ રહી છે... જાગરણ પણ અનેક વ્રતોમાં ઉજવાતા હોય છે... અને તેને અનુલક્ષીને બાલનગરી જેવા સસ્તા અને સામુહિક મનોરંજનના ઉપક્રમો શહેરમાં ચાર થી પાંચ સ્થાનો પર યોજાય છે... ચ-૩ના મેદાનમાં અવનવી રાઈડ્સ સાથે બાલનગરીનું આયોજન આકાર લઈ રહ્યું છે....

# ગાંધીનગર-કલોલમાં ડાયાબીટીસના દર્દીઓની સંખ્યા વધી રહી છે !!

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર જિલ્લામાં ગાંધીનગર અને કલોલ તાલુકામાં ડાયાબીટીસના દર્દીઓની સંખ્યામાં ચિંતાજનક રીતે વધારો થતો જોવા મળી રહ્યો છે. ગતિશીલ ગુજરાત અંતર્ગત ડાયાબીટીસ અંગે હાથ ધરાયેલ સર્વેક્ષણમાં અત્યાર સુધીમાં જિલ્લામાં ૩,૮૯,૫૯૧ લોકોને આવરી લેવામાં આવ્યા છે. જેમાં ૫૩૯૩ લોકોને પ્રાથમિક તારણોમાં ૧૪૦ કરતાં વધુ સુગરનું પ્રમાણ જોવા મળતાં તેમણે શંકાસ્પદ ડાયાબીટીસના તારણ હેઠળ આવરી લઈ આગળના જરૂરી પરીક્ષણ માટેની સલાહ આપવામાં આવી રહી છે.

મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર તાલુકામાં ૩,૦૮,૩૪૫ વ્યક્તીઓના કરાયેલા સર્વેક્ષમમાં ૨૦૦૪ વ્યક્તીઓને શંકાસ્પદ ડાયાબીટીસ જણાઈ આવેલ છે. જ્યારે કલોલ તાલુકામાં ૫૬,૨૯૧ વ્યક્તીઓના કરાયેલ સર્વેક્ષણમાં ૨૪૪૬ વ્યક્તીઓ આવા મળી આવ્યા છે. દહેગામ તાલુકામાં કરાયેલા ૧૨,૧૫૭ના સર્વેક્ષમમાં ૩૨૭ વ્યક્તીઓ અને માણસામાં કરાયેલા ૧૨,૭૯૮ વ્યક્તીઓના સર્વેક્ષણમાં ૬૧૬ શંકાસ્પદ ડાયાબીટીસ ધરાવતી વ્યક્તિઓ મળી આવી છે. જિલ્લામાં બદલાતી જીવનશૈલીની સીધી અસરો જનજીવન પર પડી રહી છે. ડાયાબીટીસને રાજરોગ તરીકે ઓળખવામાં આવે છે. ચાલવાનું અને શ્રમનું જીવનમાં મહત્વ ઘટતાં આ ડાયાબીટીસ રોગનો પ્રવેશ થતો હોય છે તેમ માનવામાં આવે છે.

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

મંડપ
કેટરીંગ
લાઈટીંગ
ફલાવરીંગ
89 80 10 1515
93 761 8000 3
93 28 89 3535
રંગવાલા ડેકોરેટર્સ
ઓફીસ : હવેલી મંદિર પાસે, GHB, MLA રોડ, સેક્ટર-૨૧, ગાંધીનગર.

સરકારી/અર્ધસરકારી, સંસ્થાકીય, ધાર્મિક તેમજ અન્ય કોઈપણ જાહેર સમારંભ કે પ્રસંગ માટે પ્રચાર પ્રસાર અને સ્વાગત માટેના
હોર્ડીંગ્સ, ગેટ, ટાવર પીલર, બેનર્સ...
અર્ક
93 761 80003
93 288 9 3535
89 80 10 1515

ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
● ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
● ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
● ઓછી કિંમત
● દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
● ઉધઈ અને કીટક પ્રતિરોધક
● ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
● મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
● ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
● દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ
ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN
Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે,
તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com